## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



સરોજબેન રમેશચંદ્ર દેસાઈ
(૧૯૪૫) ફોન : ૬૫૭૨૪૨૯૭



દશરથભાઈ બબલદાસ દરજી
(૧૯૫૦) ફોન : ૨૩૨ ૪૭૭૨૦

# ગુજરાતના શાસનમાં દિલીપ પરીખના ૧૨૭ દિવસ, મોદીના ૪૦૦૧ દિવસ

## મોદીને માધવસિંહ સોલંકી અને હિતેન્દ્ર દેસાઈ કરતાં બમણી સત્તા ભોગવી

## કેરાલાના ભૂતપૂર્વ સીએમનો ૪૦૦૯ દિવસનો રેકોર્ડ તોડવાની તૈયારી

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું શાસન એવું છે કે જેમણે સત્તાના ૪૦૦૧ દિવસો પૂરાં કર્યા છે. ગુજરાતમાં આવેલા અગાઉના ૧૩ મંત્રીઓ પૈકી એકમાત્ર મોદીએ ૧૦ વર્ષ સુધી શાસન કર્યું છે.

મહારાષ્ટ્રમાંથી છૂટા પડ્યા પછી ૧૯૬૦માં સૌ પ્રથમ મુખ્યમંત્રી બનવાનું ગૌરવ ડો. જીવરાજ મહેતાને મળ્યું હતું. તેમણે ગુજરાત ઉપર ૧૨૩૬ દિવસ સુધી રાજ કર્યું હતું. તેમના પછી સત્તામાં આવેલા બળવંતરાય મહેતા ૭૩૧ દિવસ સુધી શાસન કરી શક્યા હતા.

ગુજરાતના ઈતિહાસમાં શાસક પક્ષમાં બળવો થયો હોય તેવી ઘટના જીવરાજ મહેતાના શાસનથી જોવા મળી હતી. કોઈ મુખ્યમંત્રી તેમાંથી બાકાત નથી. બળવામાં સૌથી વધુ યાદગાર અને દેશે જોયો છે તે શંકરસિંહ વાઘેલાનો બળવો હતો. આખા દેશના રાજકારણમાં ભારે હલચલ મચી ગઈ હતી. જો કે બળવાખોર નેતાઓને ગુજરાતમાં સત્તા ભોગવવાનો બહુ લાંબો સમય મળી શક્યો નથી.

ગુજરાત ઉપર સૌથી ઓછું શાસન કરનાર મુખ્યમંત્રી દિલીપ પરીખ હતા. તેઓ માત્ર ૧૨૭ દિવસ સત્તા ઉપર રહ્યાં હતા.

### ગુજરાતના શાસનમાં ક્યા મુખ્યમંત્રીના કેટલા દિવસ

| મુખ્યમંત્રી | દિવસ |
|---|---|
| ડો.જીવરાજ મહેતા | ૧૨૩૬ |
| બળવંતરાય મહેતા | ૭૩૧ |
| હિતેન્દ્ર દેસાઈ | ૨૦૬૨ |
| ચીમનભાઈ પટેલ | ૧૬૫૩ |
| બાબુભાઈ પટેલ | ૧૩૧૦ |
| માધવસિંહ સોલંકી | ૨૦૪૬ |
| અમરસિંહ ચૌધરી | ૧૬૧૭ |
| છબીલદાસ મહેતા | ૩૮૯ |
| કેશુભાઈ પટેલ | ૧૫૩૨ |
| સુરેશચંન્દ્ર મહેતા | ૩૩૪ |
| શંકરસિંહ વાઘેલા | ૩૬૯ |
| દિલીપ પરીખ | ૧૨૭ |
| નરેન્દ્ર મોદી | ૪૦૦૧ |

ગુજરાતમાં સૌથી વધુ શાસન કરવાનો રેકોર્ડ માધવસિંહ સોલંકીનો હતો. તેમણે ૨૦૪૬ દિવસ સુધી શાસન કર્યું હતું પરંતુ તે નરેન્દ્ર મોદીએ તોડી નાંખ્યો છે. મોદીએ ૧૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ શાસનના ૪૦૦૧ દિવસ પૂરાં કર્યા છે. હવે તે દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષીતની બરાબરી કરી શકે તે સ્થિતિમાં આવી ગયા છે. શિલા દિક્ષીત દિલ્હીની ગાદી ઉપર છેલ્લા ૫૦૩૯ દિવસથી રાજ કરી રહ્યાં છે.

ભારતના છ મુખ્યમંત્રી એવાં છે કે જેમણે શાસનનો રેકોર્ડ કર્યો છે પરંતુ પશ્ચિમ બંગાળના જ્યોતિ બસુનો રેકોર્ડ કોઈ તોડી શકે તેમ નથી. જ્યોતિ બસુએ ૮૫૪૦ દિવસ સુધી રાજ કર્યું છે. મોદીના રેકોર્ડની સામે આ રેકોર્ડ બમણો છે.

બીજાક્રમ રાજસ્થાનના મોહનલાલ સુખડિયાનો છે. તેમણે ૬૦૮૩ દિવસ સુધી રાજ કર્યું છે. ત્રીજાક્રમે બિહારના ક્રિશ્નાસિન્હા આવે છે તેઓએ ૫૧૬૮ દિવસ સુધી રાજ કર્યું છે.

શિલા દિક્ષીત ચોથાક્રમે છે. પાંચમાક્રમે કેરાલાના એ.કે.નાયર આવે છે. તેઓ ૪૦૦૯ દિવસ સુધી સત્તામાં રહ્યાં છે અને છઠ્ઠાક્રમે ગુજરાતના મોદી છે. આઠ દિવસ પછી તેઓ પાંચમાક્રમે આવી જશે.

# દુકાનની આકારણી કાઢી આપવા મહિલા તલાટીએ રૂ. ૩૫૦૦ માંગ્યા

## એસીબીએ ટ્રેપ ગોઠવી રૂપિયા લેવા આવેલા તલાટીના ભત્રીજાને ઝડપી પાડયો : શિહોલી મોટી ગામના તલાટીની ધરપકડ માટે દોડધામ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીકના ફિરોજપુર ગામમાં અને ચિલોડા પાસે દુકાન ધરાવતા દુકાનદારે આકારણી પત્રક આપવા માટે શિહોલી મોટી ગામના મહિલા તલાટીએ રૂ. ૩૫૦૦ની લાંચ માંગ્યાની થયેલી ફરીયાદને આધારે આજે ગાંધીનગર એસીબીએ ટ્રેપ ગોઠવી મહિલા તલાટીના ભત્રીજાની ધરપકડ કરી લીધી છે.જયારે આરોપી મહિલા તલાટીની ધરપકડ માટે એસીબી પી.આઈ. એસ.કે. ત્રિવેદીએ ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરના ફિરોજપુર ગામમાં રહેતા દશરથભાઈ રાવળને ચિલોડા પાસેના એક કોમ્પ્લેક્ષમાં દુકાન આવેલી છે આ દુકાનની આકારણી કરવાની હોવાથી દશરથભાઈ શિહોલી મોટી ગામના તલાટી કમ મંત્રીને મળ્યા હતાં. મહિલા તલાટી ઈન્દુબેન સંગ્રામસિંહ પરમારે આકારણી માટે રૂ. ૩૫૦૦ની લાંચ માંગી હતી. જે પૈકી દશરથભાઈએ રૂ. ૫૦૦ આપ્યા હતાં. તલાટીએ બાકીના ૩ હજાર આપીને આકારણી પત્રક લઈ જવા કહ્યું હતું. દરમિયાન દશરથભાઈએ ગાંધીનગર એસીબી પી.આઈ. સુભાષ ત્રિવેદી સમક્ષ ફરિયાદ કરી હતી.

આજે એસીબીએ ટ્રેપ ગોઠવી દશરથભાઈ પાસેથી ઈન્દુબેનને ફોન કરાવ્યો હતો. ગણેશ ચતુર્થીની રજા હોવાથી લાંચના રૂપિયા રૂબરૂ લઈ શકે તેમ ન હોવાથી ઈન્દુબેને ફોન પર કહ્યું હતું કે આઈ.૧૦ ગાડી લઈને મારો ભત્રીજો ભરતસિંહ રાજપુત રણાસણ સર્કલે આવશે તેને રૂપિયા આપી દેજો. તે તમને આકારણીપત્રક આપી દેશે. રૂ. ૩ હજાર લેવા આવેલો ભરતસિંહ એસીબીના છટકામાં આવી ગયો હતો તેની ધરપકડ કરી પુછપરછ કરતાં ગાડી પણ ઈન્દુબેનની જ હોવાનું જાણવા મળ્યું હતું. પી.આઈ. એસ.કે. ત્રિવેદીએ ભરતની ધરપકડ કરી તલાટી ઈન્દુબેનની ધરપકડ માટે દોડધામ શરુ કરી છે.

## જય અંબે પગપાળા યાત્રાસંઘ સરગાસણથી ૨૨મીએ અંબાજી પગપાળા જશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના સરગાસણ ગામેથી છેલ્લા ૧૯ વર્ષથી અંબાજી પગપાળા યાત્રાસંઘ જાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૨મી સપ્ટેમ્બર-૧૨ના રોજ સરગાસણ મુકામેથી અંબાજી ખાતે જય અંબે પગપાળા યાત્રા સંઘ જશે. જે ૨૭મી સપ્ટેમ્બરને ગુરૂવારે સવારે ૯ કલાકે અંબાજી માતાજીને ધજા ચઢાવશે. જય અંબે પગપાળા યાત્રા સંઘ સરગાસણ મુકામેથી પ્રસ્થાન કરી વાસણ, વાગોસણ, લાછડી, વિસનગર, સુંઢિયા, કેરાલુ, ટીંબા, સતલાસણ, દાંતા થઈ અંબાજી પહોંચશે. રવીન્દ્રસિંહ વાઘેલા ૨૨મીએ માતાજીની આરતી ઉતારી સંઘને પ્રસ્થાન કરાવશે.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા 'આંખોની સંભાળ' કાર્યક્રમ યોજાયો

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના સહયોગથી તાજેતરમાં ઈજનેરી સ્ટાફ ટ્રેઈનિંગ કોલેજના ઓડિટોરિયમમાં આંખના સર્જન ડૉ. શશાંક રાઠોડ દ્વારા નેત્ર સંભાળ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આંખોની સારવાર તથા આંખોની સંભાળ કેવી રીતે રાખવી તે સંદર્ભે યોજાયેલા ડૉ. શશાંક રાઠોડના કાર્યક્રમમાં ૧૨૦ સભ્યો હાજર રહ્યા હતા. આંખની સંભાળ અંગે વિડિયો શો, વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજીને હાજર સભ્યોએ પૂછેલા તમામ પ્રશ્નોનો પ્રત્યુત્તર આપ્યો હતો. શરૂઆતમાં પ્રમુખ દ્વારા સ્વાગત વિધિ અને મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા સંસ્થા પરિચય આપવામાં આવ્યો હતો.

# FDIનો નિર્ણય આર્થિક-સામાજિક હકીકતો જોઈને જ કર્યો છે : શર્મા

અમદાવાદ, તા.૧૯

કેન્દ્રની યુપીએ સરકારે એફડીઆઈનો જે નિર્ણય લીધો તેમાં ગુજરાતના મુખ્યમંત્રી જે ભાષામાં વાત કરે છે તે જોતા જણાય છે તે તેમને માનસિક સંતુલન ખોઈ દીધું છે કારણ કે ગુજરાતે આ બાબતે અગાઉ સહમતી આપી છે. એફડીઆઈનો નિર્ણય આર્થિક અને સામાજિક હકીકતો જોઈને કરવામાં આવ્યો છે તેમ કેન્દ્રના વાણિજ્ય, ઉદ્યોગ અને ટેક્સટાઈલ મંત્રી આનંદ શર્માએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રીએ પ્રજાને જે સાચી માહિતી આપવી જોઈએ તે જવાબદારી નિભાવી નથી અને ખોટી માહિતીઓ આપીને ભ્રામક પ્રચાર કરી રહ્યા છે. ભારત દેશમાં સંઘીય પ્રણાલિકા છે તેનું સન્માન જળવાય તેવા પ્રયાસો કરવા જોઈએ. અને ટકરાવની નીતિથી દૂર રહેવું જોઈએ. સરકારી ખર્ચે જાહેરાતો ન આપવી જોઈએ અને રાજનીતિ ન કરવી જોઈએ. મટનના નિકાસ પરની સબસિડી એનડીએ




શાસનમાં જે નીતિ હતી તે જ નીતિ હાલમાં અમલમાં છે. જેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ગૌ હત્યા પર સમગ્ર દેશમાં પ્રતિબંધ છે ત્યારે ગાયના મટનની નિકાસની વાત વાહિયાત છે. ગાયોની કતલ થતી હોય તો તેની સામે કાર્યવાહી કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. પશુઓ માટે ગૌચરની જમીનો મોદી સરકારે વેચી દીધી છે.

તેમણે કહ્યું હતું કે, ૨૦૧૦માં કપાસનું ઉત્પાદન ઓછું થવાથી ભાવો ઉંચકાયા હતા પરંતુ ૨૦૧૧માં દુનિયામાં કપાસનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતા ભાવો ઘટ્યા હતા. ભારત દુનિયામાં કપાસનું ઉત્પાદન કરતો અગ્રીમ દેશ છે. કૃષિ પછી સૌથી વધુ રોજગારી ટેક્સટાઈલ ક્ષેત્રમાંથી પ્રાપ્ત થાય છે. ૩૬ ટકા કપાસ ભારતમાંથી નિકાસ થાય છે. વધુ નિકાસ કરવામાં આવે તો ભારતની કાપડની મિલો બંધ થઈ જાય તેમ છે. કેન્દ્ર સરકાર સમગ્ર દેશને નજર સમક્ષ રાખીને કપાસની નીતિ ઘડે છે. ગરીબી, સાક્ષરતામાં ગુજરાત અન્ય રાજ્યોની સરખામણીમાં પાછળ છે. બાળમૃત્યુદરમાં આગળ છે. મુખ્યમંત્રી વિવેકાનંદ યાત્રાને પણ રાજકીય રંગ આપી રહ્યા છે. ભાજપ પાસે કોઈ કદાવર નેતા નથી કે જેને નામે યાત્રા કાઢી શકે. રાજકીય પક્ષોમાં મતભેદો હોઈ શકે પરંતુ કોઈ રાજકીય પક્ષે શાલીનતાનો ત્યાગ ન કરવો જોઈએ. નરેન્દ્ર મોદી તેમની ભાષામાં શાલીનતાનો ત્યાગ કરી સમગ્ર ચર્ચાને નિમ્ન સ્તરે લઈ ગયો છે. એનડીએના શાસનમાં શરત વિના ૧૦૦ ટકા એફડીઆઈ લાવવા કેબિનેટ નોંધ તૈયાર થઈ હતી. પરંતુ એનડીનું પતન થતા તે કામ બાકી રહી ગયું. હું સંસદમાં રજુ કરીશ. રાહુલ ગાંધીએ કયારેય વડાપ્રધાન બનવાની વાત કરી નથી. રાહુલજીનું કદ મોટું છે. ગમે ત્યાંથી ચૂંટણી લડી જીતી શકે છે. મોદી પોતાની જાતને વડાપ્રધાનપદના દાવેદાર ગણે છે. પણ તેમનો અસલી ચહેરો લોકો ઓળખી ગયા છે.

# પાટનગરમાં પાર્કિંગમાંથી વાહન ચોરીના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો

ગાંધીનગર, તા.૧૯

પાટનગર ગાંધીનગરમાં કોમર્શીયલ કોમ્પ્લેક્ષ કે જયાં પાર્કિંગ વ્યવસ્થા જ નથી તેવા વિસ્તારોમાં પાર્ક કરેલા વાહનોની ચોરીના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. દિનપ્રતિદિન પાર્કિંગમાં પાર્ક બાઈકોની ચોરીની ફરિયાદો વધવા પામી છે. સેકટર-૧૧ના મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષમાં વધુ એક વાહન ચોરીનો કિસ્સો બનતા વાહનોની સલામતી પર પ્રશ્નાર્થ થયો છે. સે-૭ પોલીસે વાહનમાલિકની ફરિયાદને આધારે વાહનચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગરમાં વાહનચોરીના વધી રહેલા બનાવોને પગલે વાહનચોરી ડામવા જિલ્લા પોલીસ દ્વારા એકશન પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત કોમ્પ્લેક્ષ સહીતના જાહેર વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાડવા પણ વિચારણા થયેલી છે. પરંતુ તે વિચારણા માત્રને માત્ર વિચારણા જ રહી ગઈ છે.

વાહન ચોરો દર બે-ચાર દિવસે પાટનગરમાંથી વાહન ચોરી કરી સહેલાઈથી નીકળી જવા લાગ્યા છે ત્યારે વાહનચોરી અટકાવવા પોલીસની યોગ્ય કવાયત તથા વાહનમાલિકોની કાળજી જરુરી બની છે. ગાંધીનગરના સે-૧૧ના મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાં અમદાવાદના મેઘાણીનગર વિસ્તારથી મિસ્ત્રી કામ કરવા માટે આવેલા શ્રીરામસગુન રામજીત વિશ્વકર્માએ તેમનું સ્પ્લેન્ડર બાઈક નં. જીજે-૧ એલ.એન. ૯૨૭૫ કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. કામ પતાવીને પરત ફર્યા ત્યારે તેમનું બાઈક જ ગાયબ હતું. કોઈ વાહનચોરો તેમના બાઈકને નિશાન બનાવી બાઈક ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. સે-૭ પોલીસે તેમની ફરિયાદને આધારે ગુનો નોંધી વાહનચોરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. રૂ. ૩૦ હજારની કિંમતના ચોરાયેલા બાઈકથી કારીગર યુવાન દ્વિધામાં મુકાઈ ગયેલો જોવા મળ્યો હતો. તેના માટે તો આખાય વર્ષની કમાણી પળવારમાં ચોરાઈ ગઈ હતી. પોલીસે ગુનો નોંધી તપાસનો દૌર શરુ કર્યો છે.

# કેશુબાપા ૨૭મી સપ્ટેમ્બરે વીરપુરથી પરિવર્તન યાત્રા પર નિકળશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અધ્યક્ષ કેશુભાઈ પટેલ આગામી ૨૭મી સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રના પવિત્ર એવા યાત્રાધામ વીરપુરથી પરિવર્તનના સંદેશ સાથેની યાત્રા પર નિકળશે.

ભાજપ સાથે છેડો ફાડીને અલગ પડ્યા બાદ કેશુભાઈ પટેલ ગુજરાત પરિવર્તન પાર્ટીની સ્થાપના કરી છે. આગામી ચૂંટણીમાં ગુજરાતમાં પરિવર્તન લાવવા માટે લોકોને આ સંદેશો પહોંચાડવા કેશુભાઈ ૨૭મીથી પરિવર્તન સંદેશ યાત્રા કાઢી રહ્યા છે.


આગામી ૨૭મી સપ્ટેમ્બરે વીરપુરથી નિકળનારી પરિવર્તન યાત્રા સૌરાષ્ટ્રના સાત જિલ્લામાં પરિભ્રમણ કર્યા બાદ બીજા તબક્કામાં મધ્ય અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ફરશે અને ત્યારબાદ ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ફરશે.

૨૭મી સપ્ટેમ્બરે વીરપુરથી કેશુબાપાની નિકળનારી પરીવર્તન યાત્રા સળંગ એક મહિના દરમ્યાન રાજ્યના તમામ વિધાનસભા મત વિસ્તાર ફરી વળશે. આ યાત્રા દરમ્યાન ગુજરાતની પ્રજાને આગામી ચૂંટણીમાં પરિવર્તન લાવવાનો સંદેશ આપશે.



પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે મોટરવાહન વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન સોસાયટી હિંમતનગર ઉપક્રમે ટ્રાફિક એજ્યુકેશન અવેરનેસ મોબાઈલ વાન દ્વારા માર્ગ સલામતી અંગેની જાગૃતિ કેળવવા અને જાણકારી આપવા અકસ્માતોથી બચાવવા વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોથી વાકેફ થાય તેવા હેતુથી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગુજરાતમાં સાવધાની હટી તો અકસ્માત ઘટી, ઝડપની મજા મોતની સજા એટલે વાહનચાલકોની બેદરકારી, ગફલત રીતે બેફામ ગતિથી વાહનો ચલાવવાથી ડ્રાઈવીંગ કરતા વાહનચાલકોથી જીવલેણ અકસ્માતો સર્જાતા હોય છે. જેમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લઘંન થતાં હવે નિયમોનું તુસ્તપણે પાલન કરવું તથા જાગૃતિ કેળવવી જરૂરી બન્યું છે. ખાસ આ શિબિરમાં વાહનનું ઓવરટેક, સિગ્નલનો અનાદર કરવો, તેમજ વાહન ધીમેથી ચલાવવું, દોરેલી સ્ટોપ લાઈન પર ઉભા રહેવું, ધીમી ગતિથી વાહન ચલાવવું, ડ્રાઈવીંગના જરૂરી કાગળોમાં લાયસન્સ રાખવું, હેલમેટનો ઉપયોગ કરવો, મોબાઈલનો ઉપયોગ ટાળવો, સીલ્ટબેટ બાંધવો, ફૂટપાથ પર વાહન ન ચલાવવું, વાહન પાર્કિંગ, આદેશાત્મક ચિહ્નો, ચેતવણીના ચિહ્નો, દિશાસૂચક નિશાનીઓ વગેરે કાર કે દ્વિચક્રી વાહનોની સલામત ડ્રાઈવીંગની સમજ, ટ્રાફિકના નિયમોની જાણકારી માહિતી માર્ગદર્શન ફિલ્મ દ્વારા બતાવવાથી વિદ્યાર્થીઓએ સારો પ્રતિસાદ આપ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## શબ્દાવલી - ૪૮૪૭



**આડી ચાવી**

- ૧. હોંશિયારી (૪)
- ૪. 'રાન' શબ્દ ઊંધો (૨)
- ૬. ગધેડું (૩)
- ૮. હાથી (૨)
- ૯. સાપનું ઘર (૩)
- ૧૧. લાગો, માસિક વેતન (૪)
- ૧૩. બરફનો વરસાદ (૨)
- ૧૪. ખરાબ સંગ (૩)
- ૧૫. કઠણ (૩)
- ૧૬. એક કાપડની જાત (૨)
- ૧૯. ભગવાન (૨)
- ૨૧. હોઠ, ઓષ્ઠ (૨)
- ૨૩. દ્રષ્ટિ
- ૨૬. મોઢુ, તુચ્છકારમાં મોં (૨)
- ૨૮. વખાણ (૩)
- ૨૯. સાથ, સંગાથ (૪)

**ઊભી ચાવી**

- ૧. ચાલાક, ચતુર (૪)
- ૨. ભેંકડો, ઘાંટો (૩)
- ૩. મુસ્લિમોનો તહેવાર (૨)
- ૪. એક હિન્દી ફિલ્મની અભિનેત્રી (૩)
- ૫. યોગનો એક પ્રકાર (૪)
- ૭. 'સંદર્ભ' શબ્દ આડોઅવળો (૩)
- ૧૦. વસ્ત્ર, ફ્રોક (૩)
- ૧૨. યાચવું, આજીજી કરવી (૩)
- ૧૪. રસોઈનું એક સાધન (૩)
- ૧૭. શેવાળ (૨)
- ૧૮. લોકસમુહ (૩)
- ૨૦. ખોટા બણગા ફુંકવા, મોટાઈ (૩)
- ૨૨. ઉકળાટ (૩)
- ૨૪. ચમકતું અબરખ (૨)
- ૨૫. નકામું (૨)
- ૨૭. કથા, નાની નાની બાબતોની ચીકાસ કરવી (૨)

### શબ્દાવલી ૪૮૪૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાનાફૂસી (૪) કબીલો (૭) મઝલ (૮) શતાવરી (૯) શિકારી (૧૨) વઈ (૧૩) મણા (૧૪) થીજવવું (૧૮) જરાસંઘ (૨૦) જામ (૨૧) જટાયુ (૨૨) જામગરી

**ઊભી ચાવી :-** (૧) કામણટુમણ (૨) નાઝ (૩) ફુલણશી (૪) કતા (૫) બીવરાવવું (૬) લોરી (૧૦) કાથી (૧૧) રીજ (૧૫) વધુ (૧૬) પરાયુ (૧૭) મમરી (૧૮) જટા (૧૯) ધજા (૨૦) જાગ

# અખિલ ગુજરાત બૌદ્ધ સંસ્થાઓના પ્રતિનિધિઓની ૨૩મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત ધમ્મ સોસાયટી, ગાંધીનગરના પ્રમુખ તુષાર સંબોદિ અને મહામંત્રી જયંતભાઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર ગુજરાત ધમ્મ સોસાયટી અને ધી બુદ્ધિષ્ટ સોસાયટી ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે અખિલ ગુજરાતની બૌદ્ધ સંસ્થાઓના સર્વે પ્રતિનિધિઓની સામાન્ય સભા ૨૩મી સપ્ટેમ્બર-૨૦૧૨ને રવિવારે સવારે ૧૧ કલાકે ૭૨૨, આદર્શનગર, સેક્ટર-૨૩, બુદ્ધ વિહાર ખાતે યોજાશે.

અખિલ ગુજરાતની બૌદ્ધ સંસ્થાઓના સર્વે પ્રતિનિધિઓની બેઠકમાં બૌદ્ધ મહાસંઘની રચના કરવા, ધમ્મ પ્રચાર પ્રસાર કરવા, ગુજરાત રાજ્યમાં ઉત્ખલીત થયેલા બૌદ્ધતીર્થસ્થાનો અંગે વિકાસ, જાણકારી, બુદ્ધ વિહારોનાં વિકાસ, બૌદ્ધ ધમ્મ વિચારધારાને પ્રચાર પ્રસાર કરી લોકોને સદાચરણથી માહિતગાર જેવી રચનાત્મક પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવશે. એમ સહમંત્રી રાજન રશ્મિને જણાવ્યું છે.

# વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા ૨૧મીથી ચાર દિવસ ઉત્તર, મધ્ય અને સૌરાષ્ટ્રમાં જનસંપર્ક કરશે

ગાંધીનગર, તા. ૧૯

પ્રદેશ ભાજપાના ઉપાધ્યક્ષ તેમજ વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાના ઈન્ચાર્જ શ્રી કૌશિકભાઈ પટેલ તેમજ ભાજપા પ્રદેશ અગ્રણીઓ અને યાત્રાના ઈન્ચાર્જ શ્રી જયંતિભાઈ બારોટ તેમજ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ એક સંયુક્ત અખબારી યાદીમાં ૧૧ સપ્ટેમ્બરથી બહુચરાજીથી પ્રારંભ થયેલી ભાજપાની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાના આગામી કાર્યક્રમોની માહિતી આપતા જણાવ્યું છે કે વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા તા. ૨૧ થી ૨૪ સપ્ટેમ્બરના ચાર દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જનસંપર્ક કરશે અને વિવેકાનંદજીના વિચારોને પ્રસારીત કરશે.

તેઓએ જણાવ્યું છે કે તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા બપોરે ૧.૦૦ કલાકે દિયોદરથી પ્રારંભ થઈ ભાભર, રાધનપુર, ચાણસ્મા થઈ સાણંદ ખાતે સમાપન થશે.

વિવેકાનંદ યુવા વિકાસયાત્રા તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ સંખેડાથી બપોરે ૩.૦૦ કલાકે પ્રારંભ થશે. સંખેડાથી ડભોઈ, વાઘોડીયા, સાવલી, ઉમરેઠ સંપન્ન થશે. તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ લીમડીથી બપોરે ૧.૦૦ કલાકે પ્રારંભ થઈ રામપુર, પાળીયાદ, બોટાદ, ગઢડા, ઢસા, લાઠી, અમરેલી સંપન્ન થશે. તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા અમરેલીથી પ્રારંભ થઈ બગસરા, કુકાવાવ, ગોંડલ, જેતપુર થઈ ધોરાજી બપોરે ૩.૦૦ કલાકે સંપન્ન થશે.

## હિંમતનગર શહેરના બગીચા વિસ્તારમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલ ઝડપ

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના બગીચા વિસ્તારમાં બુધવારની સાંજે એસ.આર.પી. પોઈન્ટના સામેથી અજાણ્યા બાઈક સવારોએ આવી એક મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલ ઝડપ કરી નાસી ગયેલ. હિંમતનગર ટાઉન પોલીસમથકને જાણ કરતા પોલીસે ફરિયાદી સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું. હિંમતનગર શહેરના બગીચા વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય રૂખીબેન જેઠાભાઈ ચૌહાણ બુધવારની સાંજે ૩.૪૫ વાગેના સુમારે રૂખીબેન ઘરેથી પોતાની દુકાને જઈ રહ્યા હતા તે સમયે એસ.આર.પી. પોઈન્ટ નજીક રોડ પર ત્રણ અજાણ્યા બાઈક સવારો મહિલા નજીક આવીને ત્રણ પૈકીના એક લાલ ટી શર્ટ પહેરેલ અને મોઢાના ભાગે કાળો રૂમાલ બાંધેલ અજાણ્યા ઈસમે મહિલાને સરનામું પુછ્યું ત્યારબાદ તે મહિલાના ગળામાંથી અંદાજે દોઢ તોલાનો સોનાનો દોરો તોડી બાઈક પર બેસી જૈન મંદિર તરફ નાસી ગયા હતા.

# જનતાની સેવામાં ગુજરાત સરકારના ૪૦૦૦ દિવસ નિમિત્તે 'સિદ્ધિની સુવાસ' પ્રસરાવતો સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૯

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત આજે જે ચાઈ ઉપર ઉભું છે તેનો સંપૂર્ણ યશ રાજ્ય સરકારના છ લાખ કર્મયોગીઓને આપ્યો છે અને જણાવ્યું છે કે, આના કારણે જ છ કરોડ ગુજરાતીઓનો વિશ્વાસ વિકાસની જનભાગીદારીમાં વધતો જ રહ્યો છે.

જનતાની સેવામાં મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાત સરકારના ૪૦૦૦ દિવસની અવિરત સફરના અવસરે ગઈકાલે મહાત્મા મંદિરમાં ઢળતી સંધ્યાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિમંત્રણથી રાજ્યના સનદી અને વહીવટી સેવાઓના અધિકારીઓ સહિત ઉચ્ચ અધિકારીઓ, સંસદસભ્યો અને મંત્રીમંડળના સભ્યોનું સ્નેહમિલન 'સિદ્ધિની સુવાસ' રૂપે યોજવામાં આવ્યું હતું.

જે 'ટીમ ગુજરાત'ના કારણે આ રાજ્ય દેશ અને દુનિયામાં ઉજળું બન્યું છે તેમના સૌના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણા દેશની કમનસીબી એ રહી છે કે જાહેરજીવન મોટાભાગે રાજકારણ અને રાજકીય વ્યક્તિઓની આસપાસ જ ઘૂમતું રહ્યું છે અને તે સિવાયના ક્ષેત્રોમાં જે શક્તિ ક્ષમતા અને સામર્થ્યના ગુણો પડેલા છે તેમની કામગીરીની ઉપેક્ષા થતી રહે છે. વાસ્તવમાં પ્રશાસનિક તંત્રમાં ક્ષેત્રીય અનુભવો અને અનેક પડકારો સાથે ઝઝૂમનારા કર્મયોગીઓ પાસે અપારશક્તિ પડેલી છે અને ગુજરાતે અવારનવાર આપત્તિઓને અવસરોમાં પલટાવીને ગુજરાતની સેવાઓને ગૌરવ અપાવ્યું છે.

મુખ્ય મંત્રીશ્રીએ તેમના ૭ ઓકટોબર, ૨૦૦૧થી શરૂ થયેલી શાસનની જવાબદારી સંભાળવાની યાત્રામાં પોતે બિનઅનુભવી હોવા છતાં આ જ કર્મયોગી વહીવટી અધિકારીઓ-કર્મચારીઓની ક્ષમતાથી જ નવી કાર્યસંસ્કૃતિ ઉભી થઈ છે તેની વિશેષતાઓની રૂપરેખા આપી હતી.